તા. ૧૫-૬-૨૦૧૯. શનિવાર ખબર-ગુજરાત

# ગુજરાત ચેમ્બરમાં જામનગરના બિપેન્દ્રસિંહ જાડેજાની વરણી

## વેપાર-ઉદ્યોગના પ્રશ્ને રજૂઆતો કરી પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહેશે



ખબર-જામનગર

જામનગર ચેમ્બરને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ તરફથી મળેલ પત્ર અનુસાર ગુજરાત ચેમ્બરની કારોબારી સમિતિની વર્ષ ૨૦૧૯-૨૦ માટેની ચૂંટણીમાં રિજીયોનલ ચેમ્બર કેટેગરીમાં ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ ઉમેદવારી નોંધાવેલ. આ ચૂંટણીમાં અન્ય કોઈએ ઉમેદવારી નહીં નોંધાવતાં જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજા બિનહરીફ ચૂંટાઈ આવેલ છે. આમ હવે જામનગર ચેમ્બરના પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજા ગુજરાત ચેમ્બર, અમદાવાદ ખાતે જામનગર ચેમ્બર તથા સૌરાષ્ટ્ર-ગુજરાતની તમામ ચેમ્બરો વતી પ્રતિનિધિત્વ કરશે. જેમાં જામનગર શહેર જિલ્લાના વેપાર-ઉદ્યોગના પ્રશ્ને રજૂઆતો કરી પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહી કાર્ય કરશે.